શહેરમાં ઠેર ઠેર દબાણના અડીંગા

@ગાંધીનગર

● શ્રી વિશ્વ કર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી વિશ્વકર્માપ્રભુની મૂર્તિનો અનાવરણ કાર્યક્રમ મુકિતધામ ખાતે યોજાશે.

રાંધેજામાં બાબા રામદેવજીના તેત્રીસ જયોતના પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૫

રાંધેજા આશાપુરા મિત્ર મંડળ દ્વારા તા. ૭મેના રોજ બાબા રામદેવજી ભગવાનનો તેત્રીસ જયોતના પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ અન્વયે ગામમાં રાત્રે ૯.૦૦ કલાકે તેત્રીસ જયોતનો પાટોત્સવ થશે. આ પ્રસંગે મહંત ગુરૂધામ સુખનાથજી બાપુ, ગોપાલદાસ બાપુ અને સેધાજી મહારાજ ઉપસ્થિત રહેશે. જયારે રાત્રિના અમર સંતવાણી અને ભવ્ય લોકડાયરાનો કાર્યક્રમ યોજાશે. ભજનસમ્રાટ રમેશભાઈ પ્રજાપતિ, દમયંતી બારોટ અને હાસ્ય કલાકાર મહેન્દ્રસિંહ વાઘેલા ભાવિકોને મોજ કરાવશે.

પ્રદૂષણની માત્રા વધતા જાગૃત નાગરિકો કલેકટરને રજૂઆત કરશે : અંધશ્રધ્ધાના વધતા વ્યાપ, બંધ શૌચાલયો તેમજ ગંદકીના પ્રશ્ને પણ રજૂઆત કરાશે

ગાંધીનગર, તા.૫

જાગૃત નાગરિક પરિષદ દ્વારા શહેરના પ્રશ્નો સંદર્ભે જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવશે. પાટનગરમાં વકરતી પ્રદૂષણની સમસ્યા, અંધશ્રધ્ધાનો વ્યાપ તેમજ ગંદકીનો પ્રશ્ન આ અંગે પણ સંબંધીત વિભાગને રજૂઆત કરવામાં આવશે.

જાગૃત નાગરિક પરીષદના મહામંત્રી નિરંજન ઓઝાના જણાવ્યા મુજબ શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓ વિશેષ પ્રમાણમાં છે પરંતુ હોસ્ટેલની સુવિધાના અભાવ વચ્ચે વિદ્યાર્થીઓ તેમજ અન્ય નોકરીયાત વર્ગે મકાન ભાડે રાખવાની ફરજ પડે છે. જેના લીધે સેકટરોમાં અનેક દૂષણો ઉભા થતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. બીજી તરફ શહેરમાં પ્રદૂષણની માત્રામાં પણ દીન પ્રતિદીન વધારો થઈ રહ્યો છે. બંધ શૌચાલયો શરૂ કરવાની પણ અનિવાર્યતા છે. અંધશ્રધ્ધાનો પણ વ્યાપ વધી ગયો છે જયારે ચોમાસાને ધ્યાને લઈ વન વિભાગ દ્વારા રોપાઓના વાવેતર માટે ખોદાતા ખાડા ડસ્ટબીનમાં ફેરવાતા ગંદકીની સમસ્યા જટીલ બની છે. સેકટર-૨૧માં લાંબા સમથી બંધ ફુવારા સંદર્ભે પણ કોઈ નિર્ણય લેવાતો નથી. આ સઘળી બાબતે સરકારના વિવિધ વિભાગોમાં પરિષદ દ્વારા ટૂંકમાં રજૂઆત કરાશે તેમ જણાવ્યું હતું.

સાયન્સ એકસપ્રેસ જોવા વિજ્ઞાનપ્રેમીઓનો ધસારો

આધુનિક જીવનશૈલી તથા ઔદ્યોગિક વિકાસ વગેરેથી પર્યાવરણને થતા નુકશાનની વિસ્તૃત છણાવટ : વન્ય તથા દરિયાઈ જીવ સૃષ્ટિ, નભોમંડળ, ગ્રીનહાઉસ ઈફેકટ, વૈકલ્પિક ઉર્જા, જૈવિક વિવિધતા વગેરેના આકર્ષક મોડેલ્સ, ચાર્ટ અને પ્રેઝન્ટેશનનો ખજાનો : ૧૬ એસી કોચમાં તૈયાર કરાયેલ પ્રદર્શન શનિવાર સુધી ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના રેલવે સ્ટશને આજે સાયન્સ એકસપ્રેસ કલાઈમેટ એકશન સ્પેશિયલ ટ્રેન આવી પહોંચતા તેને જોવા માટે નગરજનો પરિવાર સાથે ઉમટી પડયા હતા. સવારે ૧૦ કલાકથી આ ટ્રેનને જાહેર જનતાને જોવા માટે ખુલ્લી મુકાઈ હતી. ૧૬ વાતાનુકુલિત ડબ્બામાં અનોખુ વિજ્ઞાન પ્રદર્શન ધરાવતી આ ટ્રેન ત્રણ દિવસ રોકાવાની છે.

આ વર્ષે સાયન્સ એકસપ્રેસ ટ્રેનની થીમ કલાઈમેટ ચેન્જ આધારિત રાખવામાં આવી છે. આ ટ્રેનમાં વિજ્ઞાન, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન, બાયોટેકનોલોજી તથા રેલવે જેવા ભારત સરકારના વિવિધ વિભાગોના સહયોગથી સમગ્ર પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. સમગ્ર ટ્રેનમાં વિવિધ ફોટોગ્રાફસ સહિત કલાઈમેટ ચેન્જ આધારિત વિસ્તૃત માહિતી, મોડેલ્સ, સ્કીન, ઈલેકટ્રોનિકસ મોડેલ્સ તથા વિવિધ બેકલાઈટનીંગ ચાર્ટ સાથે રોચક

માહિતિનો ભંડાર ખડકવામાં આવ્યો છે. ડાયનાસૌર અને સ્નોબીએર સહિતની વન્ય જીવસૃષ્ટિ, દરિયાઈ જીવાષ્ટિમઓ, નભોમંડળ, ધરતીની આંતરિક રચના, સમાજજીવનથી પર્યાવરણને થતા નુકશાન વગેરની સચિત્ર માહિતી ખૂબ જ અદભૂત રીતે રજૂ કરાઈ છે. આ પ્રદર્શનમાં જલવાયુ પરિવર્તન માટે વાયુમંડળનું સંઘટન, ગ્રીનહાઉસ ઈફેકટ, જળસંકટ, અનાજ ઉત્પાદનની બદલાતી પરિસ્થિતિ, સમુદ્ર પર થતી અસરો વન્ય તથા સમુદ્રી જીવોની ઉપયોગિતા, સ્વાસ્થ્ય, આબોહવા સાથે અનુકૂલન પધ્ધતિ, જૈવિક વિવિધતા, કાર્યક્ષમ ઔદ્યોગિક પ્રક્રિયા તથ ગ્લોબલ સ્ટ્રેટેજી સહિત અનેક મુદ્દાઓને આવરી લેવાયા છે. આ પ્રદર્શનમાં બાળકોને રસ પડે તે રીતે દશ્ય-શ્રાવ્ય માધ્યમનો ઉપયોગ કરાયો છે તથા કેટલાક લાઈવ પ્રોજેકટસ પણ રજૂ કરાયા છે.

સાયન્સ એકસપ્રેસ ટ્રેનમાં પરંપરાગત પધ્ધતિઓનું મહત્વ જેમાં આહાર, જીવનશૈલી, રહેણીકરણી, કુદરતી સંશોધનો, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વગેરેનું મહત્વ સમજાવાયું છે તથા કલાઈમેટ ચેન્જના કારણે ઉભા થતા સંકટોથી બચાવતા રસ્તા, પૂર્વ ચેતવણી, આજીવિકા પર પડતા પ્રભાવો, ખેતી-દૂધ વગેરેના ઉત્પાદન પર થતી અસરો ઉપરાંત પાણીની અછત, દરિયાઈ સપાટીમાં ચિંતાજનક વધારો, ખારાપાટનો ફેલાવો, દુકાળ, પુર, અતિશય ગરમી, વાવાઝોડુ તથા વરસાદની અનિશ્ચિતા જેવી પરિસ્થિતિ અંગે વિગતવાર માહિતી અપાઈ છે. આ સાથે વૈકલ્પિક ઉર્જાના ઉપયોગો તથા ફાયદા ઉપરાંત વૈશ્વિક સ્તરે અત્યાર સુધીમાં હાથ ધરાયેલ કાર્યક્રમો અંગેની વિગતવાર તલસ્પર્શી માહિતી પણ દર્શાવવામાં આવી છે. આબોહવાના પરિવર્તનથી લાંબા અને ટૂંકાગાળાની અસરો સહિત તેની પાછળનું વિજ્ઞાન, અવલોકિત તથા અપેક્ષિત અસરો અંગે સમજ આપવામાં આવી છે. સૌથી અગત્યની વસ્તુ એ છે કે આ પ્રદર્શનને જોવા માટે કોઈ જ પ્રકારની ફી રાખવામાં નથી આવી આથી નગરજનો પરિવાર સહિત મોટી સંખ્યામાં લાભ લઈ શકશે.

ટુ વ્હીલર ચોરીમાં માસ્ટર 'અંબાલાલ' ઝડપાયો

ગાંધીનગર અમદાવાદ વિસ્તારમાંથી ૧૫ એકટીવા-એકસેસ તથા ૩૭ સાયકલ ચોરી કરી હોવાની કબુલાત : રૂ. ૩.૩૯ લાખનો ચોરીનો મુદ્દામાલ રીકવર : એલસીબીને મળી સફળતા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર તથા અમદાવાદના વિવિધ વિસ્તારોમાં એકસેસ-એકટીવા તથા સાયકલોની ઉઠાંતરી કરીને તરખાટ મચાવી મુકનાર ટુ વ્હીલર ચોરીમાં માસ્ટર ગણાતો 'અંબાલાલ' ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો હતો તેની સઘન પુછપરછમાં ૧૫ એકટીવા-એકસેસ ચોરી તથા ૩૭ સાયકલ ચોરીના ભેદ ઉકેલાવા પામ્યા છે. એલસીબીની ટીમે ચોરીનો કુલ ૩.૩૯ લાખની કિંમતનો મુદ્દામાલ રીકવર કરી ઊંડાણપૂર્વક પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર શહેર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ટુ વ્હીલર ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયેલો ધ્યાને આવતા ગાંધીનગર

પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે આ ગુનાઓ શોધી કાઢવા ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની વિવિધ ટીમોએ આ ગુના આચરતી ગેંગ શોધવા બાતમીદારોનો સંપર્ક કર્યો હતો દરમિયાન ગઈ કાલે પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમ દહેગામ પાસે પેટ્રોલીંગમાં હતી ત્યારે સંદિપકુમાર તથા જયવિરસિંહની બાતમીને આધારે નેહરૂ ચોકડીથી દેવકરણના મુવાડા જતા રોડ પરથી એક શખ્સને એકસેસ સાથે શંકાસ્પદ હાલતમાં પકડી પાડવામાં આવ્યો હતો. મુળ હિંમતનગરના નવા રાજપુર ગામનો અને હાલ નરોડા રહેતો અંબાલાલ ઉર્ફે બાબુ કેશા રાવળને એકસેસ બાબતે પુછતાછ કરતા પુરાવા પણ આપી શકયો ન હતો અને ચોરીનું હોવાનું ખુલ્યું હતું. સઘન પુછતાછમાં તેણે અમદાવાદના વિવિધ વિસ્તારો ઉપરાંત ગાંધીનગરના સે-૧૭ લાયબ્રેરી, સે-૧૧ કલેકટર કચેરી કંપાઉન્ડ, પોસ્ટ ઓફિસ સે-૧૧, બેંક ઓફ બરોડાના પાર્કીંગ, સુમન ટાવર સે-૧૧, જુના સચિવાલય પાર્કીંગ, સે-૨૨ પંચદેવ મંદિર પાર્કીંગ, સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સહિતના વિસ્તારોમાંથી અત્યાર સુધી ૧૫ એકસેસ-એકટીવ અને ૩૭ સાયકલોની ચોરી કરી હોવાની ચોંકાવનારી વિગતો ખુલવા પામી હતી. ચોરીના ટુ વ્હીલર તેણે જુદી જુદી જગ્યાએ સંતાડી રાખ્યા હતા. પોલીસે રૂ. ૩.૩૯ લાખનો મુદ્દામાલ રીકવર કરીને ઊંડી પુછતાછ આરંભી છે. આ શખ્સ અગાઉ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં તથા નરોડા પોલીસ સ્ટેશનમાં પણ સાયકલ તથા એકટીવા ચોરીના ગુનામાં પકડાઈ ચુકયો હોવાનું બહાર આવ્યું છે.

વાતવાતમાં

● વહેલી પરોઢે શહેરમાં ધૂળની આંધીએ નગરજનોના ઘર-વાહનો તમામ ધૂળ ધૂળ કરી દીધા હતા. સવારે ઉઠતા વેંત ઘર તો ઠીક વાહનોની પણ સાફ સફાઈ હાથ ધરવી પડી હતી.

● વહેલી સવારે આવેલ ધૂળની આંધીના કારણે લગભગ સવારના ૯ વાગ્યા સુધી સમગ્ર વાતાવરણ ધૂળમય કરી રાખ્યું હતું. ધુમ્મસની જેમ છવાયેલ આ ધૂળની રજકણોના કારણે મોર્નિંગ વોકર્સને ખાંસી-ઉધરસની સમસ્યા પણ ઉદભવી હતી.

● કલાઈમેટ ચેન્જ થીમ આધારિત તૈયાર કરાયેલ અદભૂત પ્રદર્શન ધરાવતી સાયન્સ એકસપ્રેસ ટ્રેન જોઈ બાળકો સહિત મોટેરાઓ પણ અભિભૂત થઈ રહ્યા છે. જો કે આ ટ્રેનમાં ફોટોગ્રાફીની મનાઈ હોવાથી 'સેલ્ફી' ક્રેઝી મુલાકાતીઓ ભારે અકળામણ અનુભવી રહ્યાં છે.

● સિવિલ હોસ્પિટલમાં આજે પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ટીમ મુલાકાતે આવી હતી. આ ટીમની મુલાકાતનો હેતુ હોસ્પિટલમાં ઉદભવતા અત્યંત જોખમી બાયોવેસ્ટના ઓડિટનો હતો.

● રાજય સરકારના જુદા જુદા વિભાગોમાં થઈને કુલ ૪૩૦૬૪ જેટલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ જગ્યાઓમાં મોટા ભાગની જગ્યાઓ ગૃહ મંત્રાલય વિભાગમાં છે.

● મેયરની પસંદગીના દિવસની પૂર્વ સંધ્યા સુધી નગરજનોમાં ભારે રોમાંચકતા સર્જાઈ છે. મેયર કોણ બનશે તે બાબતે અનેક તર્ક વિતર્કો સાથે કેટલાક નગરજનોએ શરતો લગાવી હતી તો કેટલાકે તો આગોતરી ચીઠ્ઠીઓ ઉછાળીને નિર્ણયો જાહેર કર્યા હતા.

શહેરમાં ઠેર-ઠેર દબાણના અડીંગા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં દબાણનો રાફડો ફાટ્યો છે. શહેરમાં ઠેકઠેકાણે લારી-ગલ્લા સહિતના દબાણો ઉભા થઈ જતા દુષણો પણ પ્રાગરતા જાય છે. દબાણને પગલે શહેરમાં ટ્રાફીકની સમસ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. ત્યારે સમયાંતરે દબાણ વિભાગની ટીમ દબાણકારો પર ત્રાટકતી હોવા છતા રાતભરમાં દબાણો કાર્યરત થઈ જાય છે. ત્યારે શહેરને સતાવતો દબાણનો પ્રશ્ન કયારે હલ થશે તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

શહેરમાં લાખ્ખોના ખર્ચે પાર્કીંગ પેલેસ ઉભા કરવામાં આવ્યા છે પરંતુ આ ઠેકાણે લારી ગલ્લાના દબાણોએ અડીંગો જમાવતા પાર્કીંગની સમસ્યા વધુ પેચીદી બની છે. શહેરમાં કોમર્શીયલ કોમ્પલેક્ષ આસપાસ પણ દબાણોએ ડેરો જમાવતા ટ્રાફીકજામના દ્રશ્યો જોવા મળે છે. બીજી તરફ શહેરમાં મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષીત જગ્યામાં પણ ઝુપડાના દબાણનું પ્રમાણ વધી ગયું છે. સમયાતરે હાથ ધરાતી દબાણ ઝુંબેશ વખતો વખત નાટકીય પુરવાર થઈ છે. દબાણની સમસ્યા હલ ના થતા ગંદકી સહિતના દુષણો પ્રાગરતા જાય છે. ગાંધીનગર શહેરમાં દબાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. શહેરના સેકટરોના આંતરીક માર્ગો અને સર્કલો પર લારી-ગલ્લાના ઢગલાબંધ દબાણો ઉભા થઈ ગયા છે. શહેરીજનોએ દબાણ અંગે અનેકવાર લેખીત રજુઆતો દરમિયાન પણ પરિસ્થિતિ યથાવત છે. દબાણને પગલે લારી-ગલ્લાધારકો ગંદકી પણ કરતા હોય છે. જેને લઈ શહેરમાં ગંદકીનો પ્રશ્ન પણ ઉઠવા પામ્યો છે. દબાણ હટાવવા પાટનગર યોજના ભવન, વનવિભાગ અને મહાનગર પાલિકાની સંયુકત ટીમો ત્રાટકતી હોવા છતા પરિણામ ખાસ દેખાતું નથી. જે તે સમયે દબાણકારો બે ત્રણ દિવસ તંત્રની ભીંસ વધતા ગાયબ થઈ જાય છે. ત્યારબાદ દબાણનો પ્રશ્ન શાંત પડતા પાછું જેમનું તેમ ગોઠવાઈ જાય છે. શહેરમાં કુદકે ને ભુસકે વધી રહેલું દબાણ શહેરના સત્તા પર બેઠેલા અધિકારીઓનો માથાનો દુખાવો બની જવા પામ્યો છે. છતા પણ તંત્રના અધિકારીઓનું પેટનું પાણી હાલતું નથી. તાજેતરમાં યોજાયેલ મનપાની ચુંટણીમાં દબાણનો મુદ્દો છવાયેલો જોવા મળ્યો હતો. શહેરને દબાણ મુકત જોવા માટે નગરજનો મીટ માંડીને બેઠા છે. ગાંધીનગર ગ્રીન સીટી કલીન સીટી ને બદલે દબાણકારોએ દબાણસીટી બનાવી દીધુ છે.

હરસોલીમાં ચોર સમજીને નિર્દોષને અધમુવો કરી દેનારા છ શખ્સો પકડાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં ચોર-લુંટારૂઓની ટોળકી ઘુસી ગઈ અને જમ્પીંગ બુટ પહેરીને આવતા આ તત્વો લુંટ કરી માર મારીને જતા રહેતા હોવાની મહિનાઓ પહેલા જબરદસ્ત અફવા ચાલી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં વધુ ફફડાટ ફેલાયો હતો અને રાત્રી દરમિયાન ધોકા લઈને ઊજાગરાઓ શરૂ કરી દીધા હતા. દરમિયાન દહેગામ તાલુકાના હરસોલી ગામમાંથી તે વખતે વહેલી સવારે એક મજુર યુવાન ચાલતો ચાલતો જઈ રહ્યો હતો ત્યારે તેને ચોર સમજીને ગ્રામજનોના ટોળાએ પકડી ઢોર માર માટે જાહેરમાં બાંધી દીધો હતો આ ગુનામાં વોન્ટેડ પૈકી છ શખ્સોને ગાંધીનગર એલસીબીની

ટીમે પકડી પાડયા છે.

ગાંધીનગર એલસીબીની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હરસોલી ગામમાં ચોર સમજીને યુવાનને મારી નાંખવાનો પ્રયાસ કરનાર છ શખ્સોને હરસોલી ગામાંથી પકડી પાડયા હતા. ટોળા સામે તે સમયે દહેગામ પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૮૬, ૩૦૭, ૩૪૨, ૩૬૫, ૩૯૭, ૩૦૬ (૨) તથા એટ્રોસીટી સહીતના ગુના નોંધાયા હતા. જેમાં વોન્ટેડ નટવરસિંહ તખતસિંહ ચૌહાણ, જગતસિંહ રામસિંહ ચૌહાણ, રંગતસિંહ ઉર્ફે લતીફ ફતેસિંહ ચૌહાણ, મેલાજી વિહાજી સોલંકી, પ્રહલાદજી કાંતીજી ઠાકોર અને રણજીતસિંહ પોપટસિંહ ઝાલા મળીને છ શખ્સોની ધરપકડ કરી લઈ દહેગામ પોલીસને સોંપવામાં આવ્યા છે.

દિકરાથી પાણી ઢોળાતા સિવિલ સ્ટાફે માતા પાસે પોતું કરાવ્યું

ઈએનટી વિભાગમાં દિકરાની સારવાર માટે આવી હતી તે સમયે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સફાઈ માટે રાખવામાં આવેલા ખાનગી એજન્સીના કર્મચારીઓ સફાઈ માટે તો જાણીતા નથી. પરંતુ પોતાના તોછડા સ્વભાવને કારણે જાણીતા છે. ત્યારે નવા ઓપીડી બિલ્ડીંગના ઈએનટી અને લેબર વોર્ડમાં દાખલ દર્દીને તેમજ સ્વજનને એજન્સીના માણસોનો કડવો અનુભવ થયો હતો. ઓપીડી વિભાગમાં દિકરાથી પાણી ઢોળાઈ જતા હાજર કર્મચારીએ માતા પાસે પોતું કરાવ્યું હતું. જયારે બીજા બનાવમાં વોર્ડમાં દાખલ મહિલાના સ્વજનની સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો હતો. સિવિલ સંકુલમાં દિનપ્રતિદિન એજન્સીના માણસોની દાદાગીરીને કંટ્રોલ નહી કરવામાં આવે તો હોસ્પિટલના અધિકારીઓને પણ કોઈ દિવસ કડવો અનુભવ થાય તો નવાઈ નહી...

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગના બીજા મજલે આવેલ ઈએનટી વિભાગની ઓપીડીમાં મહિલા દર્દી પોતાના બાળકને પાણી પીવડાવતી હતી. તે દરમિયાન અચાનક પાણીની બોટલ હાથમાંથી છુટી જતા ફલશ પર પાણી ઢોળાયું હતું. આ પાણી ઢોળાતા જ ત્યાં ફરજ પર હાજર ખાનગી એજન્સીની કર્મચારીએ તોછડું વર્તન કરીને ખરી ખોટી સંભળાવીને દર્દી પાસે પોતું કરાવ્યું હતું. પોતાની ફરજ બજાવાની બદલે કર્મચારીએ પોતું કરવાની જગ્યાએ દર્દી પાસે પોતું કરાવીને જાણે કામ કર્યાનો સંતોષ માન્યો હતો. આ ખાનગી મહિલા કર્મચારીની દાદાગીરી જોઈ અન્ય દર્દીઓ પણ હતપ્રભ બની ગયા હતા. ત્યારે દિન-પ્રતિદિન હોસ્પિટલની અંદર ખાનગી એજન્સીના કર્મચારીઓ અણછાજતું વર્તન કરીને પોતાની બુધ્ધિનું પ્રદર્શન કરતા હોય

તેવું લાગી રહ્યું છે.જયારે બીજા બનાવમાં સિવિલ હોસ્પિટલના લેબર વોર્ડ સી-૨ ખાતે મહિલા દર્દીને દાખલ કરી છે તેના સ્વજનો ખબર-અંતર પુછવા માટે દર્દી પાસે માત્ર ગણતરીની મિનિટો બેઠા હતા. ત્યારે પણ વોર્ડમાં ફરજ બજાવતા ખાનગી એજન્સીના માણસો દર્દીના સ્વજન સાથે ગાળાગાળી કરી હતી. આ પ્રકારની ગંભીર ફરીયાદ લઈને દર્દીનો સ્વજને ઉચ્ચ અધિકારીઓને ફરીયાદ કરીને આવા કર્મચારી સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. જયારે અધિકારીએ ફરિયાદ સાંભળી યોગ્ય કરવાનું કહેતા સ્વજન પરત ફર્યો હતો. આ બે બનાવ સિવિલ સંકુલમાં ચર્ચાનો વિષય તંત્રના કર્મચારીઓમાં બન્યા હતા. હોસ્પિટલમાં રોજ-બરોજ ખાનગી એજન્સીમાં કામ કરતા કર્મચારીઓની દાદાગીરી વધી જવા પામી છે.આવા કર્મચારીઓની ફરીયાદ તેમના સુપરવાઈઝરોને કરવામાં આવે છે. પરંતુ તેઓ પણ ફરિયાદને ગંભીરતાથી લેતા નથી તેવો શૂર દર્દીઓ અને સ્વજનોમાં ઉઠવા પામ્યો છે. કર્મચારીઓના આવા વર્તનને પગલે હોસ્પિટલની છબી ખરડાઈ રહી હોવાનું સ્ટાફમાં ચર્ચાઈ રહ્યું છે.

જૈન સોશ્યલ ગ્રૂપ-ગુજરાત રીજીયન આયોજિત યુવક-યુવતી પરિચય મેળો

ગાંધીનગર, તા.૫

જૈન સોશ્યલ ગ્રૂપ ઈન્ટરનેશનલ ફેડરેશન અને ગુજરાત રીજીયન દ્વારા આગામી તા. ૨૬મી જૂનને રવિવારે સમસ્ત જૈન સમાજના વિવાહ યોગ્ય યુવક-યુવતીઓનો પરિચય મેળો 'સગપણ સેતુ-૨૦૧૬' ટાઉનહોલ, ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ પરિચય મેળામાં અપરિણીત યુવક-યુવતીઓ, વિધુર, વિધવા, છુટાછેડાવાળા ઉમેદવારો તથા દિવ્યાંગ યુવક-યુવતીઓ પણ ભાગ લઈ શકશે. આ માટે યુવક ઉમેદવારો તથા યુવતીઓએ રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. ઉમેદવાર ઉપરાંત એક વાલી માટે સવારનો નાસ્તો, બપોરનું ભોજન તથા પરિચય પુસ્તતિકાનો સમાવેશ થશે. આ અંગેના ફોર્મ ગાંધીનગરમાં અરવિંદભાઈ શાહ મો. ૯૮૨૪૫ ૨૯૩૨૧, આર.ડી. ગાંધી મો. ૯૯૨૪૧ ૨૩૧૬૪, પારસ સંઘવી મો. ૯૮૭૯૫ ૫૪૮૫૭ તથા પી. મનુભાઈ મેડીકલ સ્ટોર્સ, સે-૨૧ ફોન-૨૩૨૨૦૫૦૯ પાસેથી મળી શકશે. ફોર્મ ભરીને તા. ૩૧મે સુધીમાં પરત કરવાના રહેશે.

ચિરવિદાય

- સ્વ. રેખાબેન મફતલાલ વાઘેલા, ઉ.વ. ૬૯
- સ્વ. શાંતાબેન સાંકાભાઈ પટેલ, ઉ.વ. ૭૬
- સ્વ. વાઘેલા ઈશ્વરભાઈ મોહનભાઈ, ઉ.વ. ૫૨
- સ્વ. કાન્તાબેન ગોવિંદભાઈ ગુર્જર, ઉ.વ. ૮૦
- સ્વ. જયંતિલાલ બળદેવદાસ મોદી, ઉ.વ. ૭૯